**IN THE LABOUR COURT AT JAMNAGAR**
**1**

**Referance T NO. 33 OF 2014.**

REFER-T-LC/33/2014

**Second Party :**

**1.** Karansinh Hemsinh Rathod
Ram Nagar, At- Sikka, Dist- Jamnagar
JAMNAGAR

**VERSUS**

**First Party :**

1. United Shippers Ltd.
Shippers House, Limda Line, Jamnagar
JAMNAGAR

Appearance:
P.D RAYCHURA For Second Party
N G VAISHANAV For First Party 1

---

**ORDER**

વિષયઃ ઔધોગિક વિવાદ ધારા,૧૯૪૭ ની કલમ –૧૦ (૧) અન્વયે ન્યાયિક નિર્ણય બાબત.

**ORDER BELOW Exh.8**

(૧) પ્રથમ પક્ષકાર તરફે આંક.૦૮ ની અરજી વંચાણે લીધી. સાથે બીજા પક્ષકારનો આંક. ૦૯ નો જવાબ વંચાણે લીધો. બંને પક્ષે વિગતવાર સાંભળ્યા.

(૨) પ્રથમ પક્ષકાર તરફે આંક.૦૮ થી હાલની આ અરજી આપી તેવી તકરાર લીધેલ છે કે, બીજા પક્ષકારે પ્રથમ પક્ષકાર વિરૂદ્ધ સેલ કરેલ તે કામે પ્રથમ પક્ષકારે મદદનીશ શ્રમઆયુકત સમક્ષ સત્ય હકીકત જણાવેલ કે માંગણા નિવેદનની કોઇ નોટિસ મોકલ્યા વગર કે રજુ કર્યા વગર સેલ કેલ કરેલ છે જે ઔ.વિ.ધારા,૧૯૪૭ ના પ્રકરણ–૩ કલમ–૧૦ ની પેટા જોગવાઇને ધ્યાને લેવા રજુઆત કરેલ તેમછતાં હાલનો રેફરન્સ થયેલ છે.અને તે રેકર્ડ પર લઇ નામ.કોર્ટે પ્રથમ પક્ષકારને નોટિસ કાઢેલ છે. વધુમાં તેવી તકરાર લીધેલ છે કે, બીજા પક્ષકારે ખુદ માંગણા નિવેદનમાં જણાવ્યા પ્રમાણે પ્રથમ પક્ષકારને પુનઃસ્થાપિત કરવા માટે કોઇ નોટિસ આપેલ નથી જેથી નામ.કોર્ટમાં કેસ દાખલ થયા બાદ પક્ષકારોને નોટિસ કાઢયા બાદ બીજા પક્ષકારે રજી.એડી.થી પુનઃસ્થાપન કરવા નોટિસ પાઠવેલ છે જેથી કરીને બીજા પક્ષકારે પાછળથી નોટિસ આપેલ હોઇ તેથી માંગણા નોટિસ આપેલ ન હોઇ તેથી

સમયમર્યાદામાં પુનઃસ્થાપન કરવા સંબંધે તેમજ સમયમર્યાદા પુર્ણ થયે જરૂરી કાર્યવાહી હાથ ધરવામાં આવશે તેવી કોઇ હકીકતો દર્શાવેલ ન હોઇ તેથી તે ધ્યાને લેવા જણાવેલ છે.અને તેવું પણ જણાવેલ છે કે,નામ.કોર્ટે પ્રથમ તો તે અંગે બીજા પક્ષકારને પુનઃસ્થાપન સંબંધે સુધારા-ફેર રેફરન્સ સંબંધે મદદનીશ શ્રમ આયુકત સમક્ષ ફેર કાર્યવાહી કરવા આદેશ કરવા જણાવેલ છે તેમજ આ હકીકત નામ.કોર્ટના રેકર્ડ પર હોઇ તેથી નામ.કોર્ટની તે અંગે પ્રાથમિક ફરજ બને છે.વધુમાં બીજા પક્ષકારને ફરી નોટિસ સંબંધે સેલ કેસ દાખલ કરી હાલનો આ રેફરન્સ કેસ અનુસુચિ સંબંધે શ્રમ આયુકતને ફરી રીફર કરવા અને તે મુજબનું ડાયરેકશન આપવા અથવા તો બીજા પક્ષકારે સત્ય હકીકત સંતાડેલ હોઇ તેમજ તે હકીકતો સેલ કેસના દસ્તાવેજમાં તથા નામદાર કોર્ટના રેફરન્સની કેસની નોટિસ બાદ ડીમાન્ડ નોટિસ આપેલ હોઇ તેથી તે પ્રાથમિક મુદ્રેજ રેફરન્સ રદ કરવા જણાવેલ છે. વિકલ્પેમદદનીશ શ્રમ આયુકતશ્રી સમક્ષ ડીમાન્ડ નોટિસ બાદથી ફરી સેલ કેસ દાખલ કરી આગળ અંગેની કાર્યવાહી હાથ ધરવા આદેશાત્મક હુકમ કરવા જણાવેલ છે.

(૩) બીજા પક્ષકારે આંક.૦૯ થી જવાબ આપી તેવું જણાવેલ છે કે,પ્રથમ પક્ષકારે હાલની ખોટી અરજી આપેલ છે જે કાયદા મુજબની ન હોઇ તે રદ થવાને પાત્ર છે. તેમજ બચાવનામું પણ રજુ કરેલ નથી. વધુમાં બીજા પક્ષકારે પુનઃસ્થાપન માટે કેસ કરેલ તે નોટિસ આપ્યા વીના કરેલ છે તેવી તકરાર મદદનીશ શ્રમ આયુકત સમક્ષ કરેલ છતાં રેફરન્સ થયેલ છે. આમ સમુચિત સરકાર સમક્ષ તકરાર લીધેલ તેમછતાં હાલનો રેફરન્સ થયેલ જે અંગે પ્રથમ પક્ષકારને વાંધો હોયતો તે અંગે સરકારના નિર્ણય સામે અપીલ-રજુઆત કરવા કે વાંધા લેવા અંગેની રેમેડી નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષ જવાની છે. જે પ્રથમ પક્ષકાર પાસે ઉપલબ્ધ હોવાછતાં તે ન લઇને હાલની આ અરજી કરેલ છે અને સમય પસાર કરે છે .

વધુમાં તેવુ જણાવેલ છે કે,સમુચિત સરકારે જયારે ન્યાય નિર્ણય અર્થે રેફ.સુપ્રત કરેલ હોય ત્યારે તે અંગેનો ન્યાય-નિર્ણય કરવાનું આપની હકુમતમાં છે જેથી સમુચિત સરકારશ્રીને રેફરન્સ પરત કરવા કે નવેસરથી મોકલવાનો હુકમ કરવાની હકુમતમાં નથી જેથી પ્રથમ પક્ષકારની આ અરજી અંગે નિર્ણય કરવાની આપ ના.કોર્ટને હકુમત નથી જેથી અરજી રદ કરવા જણાવેલ છે. વધુમાં તેવું જણાવેલ છે કે, બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે લેખિત હુકમથી રીટ્રેન્ટ કરેલ છે જેથી તે પગલું વ્યાજબી અને અનિવાર્ય હતુ કે કેમ? તેમજ પુનઃસ્થાપિત કરવા ડીમાન્ડ નોટિસ આપે કે ન આપે તેનાથી કોઇ ફેર પડતો નથી જેથી ઔ.વિ.ધારાની કલમ-૧૦ કે પ્રકરણ-૩ માં ડીમાન્ડ નોટિસ આપવી જ જોઇએ તેવી જોગાવાઇ ન હોઇ તેથી અરજી રદ કરવા જણાવેલ છે.બી.આઇ.આર.એકટમાં ગેરકાયદેસર ફેરફાર અંગે એપ્રોચ લેટર આપ્યા વિના કેસ ન થઇ શકે તેવી જોગવાઇ છે, પરંતુ આઇ.ડી.એકટમાં તેવી કોઇ જોગવાઇ નથી. વધુમાં બીજાપક્ષકારને રીટ્રેન્ટ કરતાં બીજા પક્ષકારે કામે ચઢાવવા માટે વિનંતી કરેલ અને સમુચિત સરકારશ્રી (મદદનીશ શ્રમ આયુકતશ્રી) સમક્ષ ફરીયાદ પત્ર દાખલ કરેલ જેથી કરીને

પુનઃસ્થાપિત થવા દાદ માંગેલ અને તેમણે નોટિસ કાઢેલ તેમાં પણ માંગણીનો ઉલ્લેખ થયેલ જ છે જે એક પ્રકારની ડીમાન્ડ નોટિસ જ ગણાય અને જયારે ડીમાન્ડ નોટિસ જયારે સંસ્થાએ લેખિત હુકમથી રીટ્રેન્ટ કરેલ છે ત્યારે અપ્રસ્તુત છે જેથી ડીમાન્ડ નોટિસ આપવાથી પ્રથમ પક્ષકાર રીટ્રેન્ચમેન્ટનું પગલુ પાછું લઈ લેવાના નથી,જેથી અરજી રદ કરવા જણાવેલ છે. અને ખર્ચ પેટે રૂ.૨૫૦૦- અપાવવા જણાવેલ છે.

(૪) હાલના કેસમાં પ્રથમ પક્ષકારે આંક.૦૭ થી અરજી આપેલ છે તે અને દલીલો કરેલ છે તેમાં મુખ્ય કારણ જોતાં, બીજા પક્ષકારે પુનઃસ્થાપિત થવા માટે મદદનીશ શ્રમ આયુકત સમક્ષ ફરીયાદ કરેલ તે પહેલાં ડીમાન્ડ નોટિસ આપેલ નહી.અને મદદનીશ શ્રમ આયુકતે લેબરકોર્ટમાં હાલનો રેફરન્સ કરેલ તે પછી ડીમાન્ડ નોટિસ આપેલ છે. આમ હાલના કેસમાં ડીમાન્ડ નોટિસ આપવી પડે નહીંતર બીજા પક્ષકારનો રેફરન્સ ચાલી શકે નહી તે અંગે ઔ.વિ.ધારાની કલમ-૧૦(૨) ઉપર આધાર રાખી, મદદનીશ શ્રમ આયુકત સમક્ષ ફરીયાદ કરેલ તેના કોલમનં.૧૨ માં માંગણી મુકયાની તારીખમાં વિગત ભરેલ ન હોઇ તેથી ઔદ્યોગિક વિવાદ ધારા, મુજબ પ્રિસ્કાઇ થયેલ ન ગણાય જેથી બીજા પક્ષકારનો રેફરન્સ ચાલી શકે નહી તેવું જણાવેલ છે. જયારે બીજા પક્ષકારની દલીલો જોતાં, આંક.૦૯ ના જવાબને અનુરૂપ દલીલ કરેલ છે.અને બીજા પક્ષકારે તેમની દલીલોના સમર્થનમાં (૧) શંભુ નાથ ગોયલ વિ.બેંક ઓફ બરોડા,જુલંધુરના ચુકાદા પર આધાર રાખી અરજી રદ કરવા જણાવેલછે.

આ કામે બંને પક્ષે તે હકીકત સ્વીકૃત છે કે, બીજા પક્ષકારે પુનઃસ્થાપિત થવા માટે મદદનીશ શ્રમ આયુકત સમક્ષ ફરીયાદ કરેલ તે પહેલાં ડીમાન્ડ નોટિસ આપેલ નહી. અને મદદનીશ શ્રમ આયુકતે લેબરકોર્ટમાં હાલનો રેફરન્સ કરેલ તે પછી ડીમાન્ડ નોટિસ આપેલ છે. આમ જયારે બીજા પક્ષકારે મદદનીશ શ્રમ આયુકત સમક્ષ પુનઃસ્થાપિત થવા માટે ફરીયાદ કરેલ ત્યારે નિયત ફોર્મમાં કરેલ છે. અને વિગતો જણાવેલ. તે પણ હકીકત છે કે આ ફરીયાદ કોલમનં.૧૨માં માંગણી મુકયાની તારીખ-માં વિગત ભરેલ નથી.આમ જો બીજા પક્ષકારે ફરીયાદના કોલમનં.૧૨માં માંગણી મુકયાની તારીખ-જણાવેવ કે વિગત ભરેલ ન હોયતો તેના પરથી તેવું કહેવાય કે નિયત પ્રકિયાથી કાર્યવાહી થયેલ નથી? ના કારણ કે જયારે બીજા પક્ષકારે મદદનીશ શ્રમ આયુકત સમક્ષ પુનઃસ્થાપિત થવા માટે ફરીયાદ કરેલ ત્યારે તેનો હાર્દ મહત્વનો ગણાય માત્ર કોલમનં.૧૨ માં માંગણી મુકયાની તારીખ-માં વિગત ભરેલ નથી.આથી તે જ કારણસર તેવું ન કહી શકાય કે પ્રથમ પક્ષકાર અને બીજા પક્ષકાર વચ્ચે ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત થયેલ નથી. આમ જયારે પક્ષકારો વચ્ચે ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત થાય ત્યારે તેમાં કન્સીલેશન કાર્યવાહી દરમ્યાન સમાધાન ન થાય તો તે ઔદ્યોગિક તકરાર ના ન્યાય નિર્ણય અર્થે તે લેબરકોર્ટને રીફર કરી શકે તેમ હું માનું છુ.

આ કામે ઔ.વિ.ધારા,૧૯૪૭ ની કલમ-૧૦ મહત્વની હોઇ નીચે મુજબ છે.

કલમ-૧૦ તકરારો બોર્ડ, કોર્ટ અથવા ટ્રિબ્યુનલને મોકલવા બાબત.

(૧) સમુચિત સરકારને એવો અભિપ્રાય થાય કે ઔદ્યોગિક તકરાર ઉપસ્થિત થઈ છે અથવા થાય તેમ છે ત્યારે કોઇ પણ સમયે લેખિત હુકમ કરીને.–

(એ) તે તકરાર પતાવટ માટે બોર્ડને મોકલી શકશે અથવા.

(બી) તકરાર સાથે સંકળાયેલી અથવા તેને પ્રસ્તુત જણાતી બાબત તપાસ કોર્ટને મોકલી શકશે.અથવા

(સી) તે તકરાર અથવા તેની સાથે સંકળાયેલી અથવા તેને પ્રસ્તુત જણાતી કોઇ બાબત જો તે બીજી

અનુસૂચિમાં નિર્દિષ્ટ કરેલી કોઇ બાબતને લગતી હોયતો, તેને ન્યાય–નિર્ણય માટે મજુર કોર્ટને મોકલી શકશે.

(ડી) તે તકરાર અથવા તેની સાથે સંકળાયેલી ......

(૨) કોઇ ઔદ્યોગિક તકરારના પક્ષકારો સંયુકત રીતે અથવા વ્યકિતગત રીતે તકરાર બોર્ડ, કોર્ટ, મજુર કોર્ટ, ટ્રિબ્યુનલ અથવા રાષ્ટ્રીય ટ્રિબ્યનુલને મોકલવા માટે ઠરાવેલી રીતે અરજી કરે ત્યારે સમુચિત સરકાર, જો પોતાની ખાતરી થાય કે અરજી કરનાર વ્યકિતઓ દરેક પક્ષની બહુમતીનું પ્રતિનીધિત્વ ધરાવે છે તો તે તકરાર તે પ્રમાણે મોકલશે.

(૨–એ) આ કલમ હેઠળ મજુર કોર્ટ,ટ્રિબ્યુનલ.......

(૩) આ કલમ હેઠળ ઔદ્યોગિક તકરાર....

(૪) આ કલમ હેઠળ કોઇ મજુર કોર્ટ,....

(૫) આ કલમ હેઠળ કોઇ સંસ્થા અથવા સંસ્થાઓને....

(૬) રાષ્ટ્રીય ટ્રિબ્યનલને....

(૭) જેના સંબંધમાં કેન્દ્ર સરકાર...

(૮) ઔદ્યોગિક તકરારના સંબંધમાં....

આમ ઉપરોકત કાયદાની જોગવાઇ જોતાં, કલમ–૧૦(૧)(સી)મુજબ જયારે ઔદ્યોગિક તરકાર ઉપસ્થિત થાય ત્યારે તે આ અદાલતને બીજી અનુસુચિમાં જણાવ્યા પ્રમાણેની તકરાર હોયતો તે રીફર થઇ શકે.તેમ હું માનું છું. જયારે કલમ–૧૦(૨) વંચાણે લેતા,તેમાં ઠરાવેલી રીતે અરજી કરે ત્યારે સમુચિત સરકારને ખાતરી થાય કે અરજી કરનાર વ્યકિતઓ દરેક પક્ષની બહુમતીનું પ્રતિનીધિત્વ કરે છે તો તે તકરાર તે પ્રમાણે મોકલશે. આમ આ કામે ઠરાવેલી રીતે અરજી કરેલ છે કે કેમ? તે સમુચિત સરકારનો વિષય છે અને તે અંગે સમુચિત સરકારને ખાતરી થાય પછી મોકલવાનુ જણાવેલ છે.આથી સમુચિત સરકારને ખાતરી થયેલ કે કેમ? તે આ રેફરન્સની ટર્મસમાં નથી.જેથી કરીને હું બીજા પક્ષકારની તે દલીલ સાથે સહમત થાઉ છું કે, બીજા પક્ષકારને પ્રથમ પક્ષકારે રીટ્રેન્ટ કરતાં કામે

ચઢાવવા માટે મદદનીશ શ્રમ આયુકતશ્રી(સમુચિત સરકારશ્રી) સમક્ષ ફરીયાદ પત્ર દાખલ કરેલ જેમાં પુનઃસ્થાપિત થવા દાદ માંગેલ અને શ્રમ આયુકતશ્રીએ પ્રથમ પક્ષકારને નોટિસ કાઢેલ તેમાં પણ પુનઃસ્થાપન થવાની માંગણીનો ઉલ્લેખથયેલ જ છે જે એક પ્રકારની ડીમાન્ડ નોટિસ જ ગણાય.

(૫) વધુ માં આ કામે પ્રથમ પક્ષકારે જે દલીલો કરેલ છે કે, હાલનો આ રેફરન્સ કેસ અનુસુચિ સંબંધે શ્રમ આયુકતને ફરી રીફર કરવા અને તે મુજબનું ડાયરેકશન આપવા જણાવેલ છે જે અંગે બીજા પક્ષકારે તેવી દલીલ કરેલ છે કે, સમુચિત સરકારના હુકમ વિરૂધ્ધ પ્રથમ પક્ષકારને વાંધો હોયતો તે અંગે અપીલ-રજુઆત કરવા કે વાંધા લેવા અંગેની રેમેડી નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષ જવાની છે. જે પ્રથમ પક્ષકાર પાસે ઉપલબ્ધ હોવાછતાં તે ન લઇને હાલની આ અરજી કરેલ છે. આમ બંને પક્ષની તે રજુઆત જોતાં, પ્રથમ પક્ષકારને સમુચિત સરકારના હુકમથી નારાજગી હોયતો રજુઆત કરવા કે વાંધા લેવા અંગેની રેમેડી નામ.ગુજરાત હાઇકોર્ટ સમક્ષ જવાની છે. તે બરાબર છે પરંતુ તેજ કારણસર પ્રથમ પક્ષકાર બીજા પક્ષકારે ડીમાન્ડ નોટિસ આપેલ નથી જેથી ઔધોગિક વિવાદ ઉપસ્થિત થયેલ નથી તેવી તકરાર ન લઇ શકે તેવો કોઇ કાયદામાં પ્રતિબંધ નથી. આથી પક્ષકારો વચ્ચે ખરેખર જે તકરાર ઉપસ્થિત થયેલ તે ઔધોગિક તકરાર છે કે કેમ? તે અદાલત ધ્યાને લઇ શકે. આ કામે કલમ-૧૫ મજુર કોર્ટો, ટ્રિબ્યુનલો અને રાષ્ટ્રીય ટ્રિબ્યુલન ની ફરજો.ની જોગવાઇ મહત્વની ગણાય.જે નીચે મુજબ છે.

કલમ-૧૫- કોઇ ઔધોગિક તકરાર મજુર કોર્ટ,ટ્રિબ્યુનલ અથવા રાષ્ટ્રીય ટ્રિબ્યુનલને ન્યાય નિર્ણય માટે મોકલવામાં આવી હોય, ત્યારે તેણે બનતી ત્વરાએ પોતાની કાર્યવાહી કરવી જોઇએ, અને આવી ઔધોગિક તકરાર ઉલ્લેખના હુકમમાં નિર્દિષ્ઠ કરેલી મુદ્રત અથવા કલમ-૧૦ ની પેટા કલમ (૨)ના બીજા પરંતુક હેઠળ લંબાવેલી મુદ્રતની અંદર પોતાનો ચુકાદો સમુચિત સરકારને રજુ કરવો જોઇશે.

આમ કાયદાની ઉપરોકત સ્થિતી ધ્યાને લેતાં પણ, પ્રથમ પક્ષકારની રજુઆતમાં કોઇતથ્ય જણાતું ન હોઇ તેથી વિશેષ ચર્ચા ન કરતાં ન્યાયના હિતમાં નીચે પ્રમાણે હુકમ કરવામાં આવે છે.

(૬) આ કામે બીજા પક્ષકાર દ્બારા દલીલોના તબક્કે રજુ થયેલ ચુકાદો વંચાણે લેતાં ,

(૧) શંભુ નાથ ગોયલ વિ.બેંક ઓફ બરોડા,જુલંધુરનો વંચાણે લેતાં, તે કેસમાં પણ ડીમાન્ડ નોટિસ આપેલ નહી જે કેસના પેરા-૭ વંચાણે લેતાં,

7. In this case the Tribunal completely misdirected itself when it observed that no demand was made by the workman claiming reinstatement after dismissal. When the inquiry was held, it is an admitted position, that the workman appeared and claimed reinstatement. After his dismissal he preferred an appeal to the appellate forum and contended that order of dismissal was wrong, unsupported by evidence and in any event he should be reinstated in service. If that was not a

demand for reinstatement addressed to employer what else would it convey? That appeal itself is a representation questioning the decision of the management dismissing the workman from service and praying for reinstatement. There is a further fact that when the union approached the conciliation officer the management appeared and contested the claim for reinstatement. There is thus unimpeachable evidence that the concerned workman persistently demanded reinstatement. If in this background the Government came to the conciliation that

there exists a dispute concerning workman S. N. Goyal and it was an industrial dispute because there was an industrial dispute because there was demand for reinstatement and a reference could hardly be rejected on the ground that there was no demands and the industrial dispute did not come into existence. Therefore, the Tribunal was an error in rejecting the reference on the ground that the reference was incompetent. Accordingly this appeal is allowed and the award of the Tribunal is set aside and the matter is remitted to Tribunal for disposal according to law. The respondent shall pay costs of the appellant in this court. As the reference is very old the Tribunal should dispose it of as expeditiously as possible.

આમ ઉપરોકત ચુકાદો વંચાણે લેતાં હાલના કેસમાં પણ બીજા પક્ષકારે પ્રથમ પક્ષકારને ડીમાન્ડ નોટિસ આપેલ નથી અને તે પછી પાછળથી નોટિસ આપેલ તેથી તે જ તેથી તેવુ ન કહી શકાય પક્ષકારો વચ્ચે ઔધોગિક વિવાદ ઉપસ્થિત થયેલ નથી. આથી વિશેષ ચર્ચા ન કરતાં ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

-: **હુકમ** :-

(૧) પ્રથમ પક્ષકારની હાલની આ આંક.૮ ની અરજી ના મંજુર કરવામાં આવે છે.

(૨) ખર્ચ અંગે કોઈ હુકમ કરવામાં આવતો નથી.

**Date : 22/09/2015**
**Place : JAMNAGAR**

**MR.UTTAMKUMAR NARAYANDAS SINDHI**
**GJ-00741**
PRESIDING OFFICER
LABOUR COURT, JAMNAGAR